# ફોજદારી કેસ નંબર : ૧૯૬૫/૨૦૨૩

(શ્રી ઉત્સવ ક્રેડીટ કો.ઓપ.સો.લી. જૂનાગઢ - વિરૂધ્ધ - નયનાબેન જીતેન્દ્રભાઇ ખીમચંદાણી)

## આંક-૧ લગત હુકમ

(૧) આ કામે ફરિયાદીએ હાલની ફરિયાદ આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. ફરિયાદના અનુસંધાને આરોપીને સમન્સ ઇસ્યુ કરવામાં આવતા, સદરહુ સમન્સની ધોરણસર બજવણી થતા આરોપી હાજર થતા આંક-૧૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ આંક-૨૩ થી ફરિયાદી તરફે લીગલ ઓફિસરે વિથડ્રો પુરસીસ આપી આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને સમાધાનની રૂએ આરોપીએ ફરિયાદીની વાદવાળા ચેકની રકમ ચૂકવી આપેલ છે આથી ફરિયાદી આ કામની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ન હોય પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે. આમ, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ છે અને ફરિયાદીને આરોપી તરફથી ચેક મુજબની રકમ મળી ગયેલ હોય, ફરિયાદી હાલની ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય અને પરત ખેંચતા હોય, આંક-૨૩ ની વિથડ્રો પુરસીસની વિગતે ફરિયાદીનો હાલનો કેસ વિથડ્રોથી ફેંસલ કરવાનો અને આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**